"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૧૨/૦૩/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**સાડા ત્રણ વર્ષની પોતાની એકની એક લાડકવાયી બ્રેનડેડ દીકરી દીઝાના અંગોના દાનનો નિર્ણય મજબુત મનોબળ કેળવીને કઠણ હૃદયે લઇ માતા પિતા વિશ્વા અને ઉર્વીશ ગોળવાલાએ સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી**

**સુરતી મોઢ વણિક સમાજના સ્વ. ધીરજલાલ રણછોડદાસ ગોળવાલાના સમગ્ર પરિવારે પોતાની બ્રેનડેડ પૌત્રી દીઝાના અંગોના દાન થકી**

**ત્રણ બાળકોને નવું જીવન અને બે વ્યક્તિને રોશની આપવા બદલ**

**ડોનેટ લાઈફ અને સમગ્ર સમાજ ગોળવાલા પરિવારને નતમસ્તક વંદન કરે છે**

નામ : દીઝા ઉર્વીશ ગોળવાલા ઉ. વ. સાડા ત્રણ બ્લડ ગ્રુપ: B+

અડાજણમાં આવેલી પ્રેસીડન્સી સ્કુલમાં પ્લેગ્રુપમાં ભણતી હતી.

રહેવાસી : D-૪૦૩, શીવછત્ર રેસીડન્સી, એલ. પી. સવાણી સ્કુલ પાસે, ધનલક્ષ્મી બંગલોની સામે, પાલ-અડાજણ, સુરત.

કૌટુંબિક વિગત : પિતા: ઉર્વીશ રાજેન્દ્ર ગોળવાલા ઉ. વ. ૩૦

કોટક મહિન્દ્ર બેંકમાં ફરજ બજાવે છે.

માતા: વિશ્વા ઉર્વીશ ગોળવાલા ઉ. વ. ૨૫

મજુરાગેટ સ્વામીનારાયણ કોમ્પલેક્ષમાં આવેલ દેવીદાસ મેન પાવર કંપનીમાં ફરજ બજાવે છે.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India,
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

શુક્રવાર તા: ૧૧ માર્ચ, ૨૦૧૭ના રોજ દીઝાને સવારે ઉલ્ટી થઇ અને ત્યારેબાદ ખેંચ આવતા સવારે ૬:30 કલાકે નિખીલ ચિલ્ડ્રન હોસ્પીટલમાં પીડીયાટ્રીશયન ડૉ. નિખીલ પરીખની સારવાર હેઠળ દાખલ કરી. ત્યાં પાછી ખેંચ આવતા દીઝા બેભાન થઇ ગઈ હતી તેથી વધુ સારવાર માટે તેને નીઓપ્લસ I.C.U માં સવારે ૧૦:૦૦ કલાકે P.I.C.U ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. મિહિર પટેલ ની સારવાર હેઠળ દાખલ કરી. ત્યાં તે પોતાનો શ્વાસ લઇ શકતી ન હોવાથી તેને વેન્ટીલેટર ઉપર મુકવામાં આવી. ત્યાર બાદ CT સ્કેન કરાવતા મગજમાં પાણીના ભરાવાને કારણે નાના મગજને નુકશાન થયું હોવાનું નિદાન થયુ હતું.

ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહ અને P.I.C.U ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. મિહિર પટેલે દીઝાને બ્રેનડેડ જાહેર કરી.

ડૉ. મુકેશ જગીવાલાએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી દીઝાના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી દીઝાના ફૂઆ જયેશભાઈ જગીવાલા અને પીતરાય કાકા એડવોકેટ જીતુભાઈ ગોળવાલા સાથે રહી દીઝાના પિતાશ્રી ઉર્વીશ, માતાશ્રી વિશ્વા, નાના-નાની રાજુભાઈ અને રેખાબેન સત્તરશાકવાળા અને ગોળવાલા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

દીઝાના પિતાશ્રી ઉર્વીશ અને માતાશ્રી વિશ્વાએ જણાવ્યું કે અમે વર્તમાનપત્રોમાં અને અમારા સમાજ માંથી પ્રસિધ્ધ થતા મેગેઝીન જ્યોતિધરમાં વારંવાર ઓર્ગન ડોનેશનના સમાચારો વાંચતા હતા. આજે અમારી એકની એક લાડકવાયી દીકરી બ્રેનડેડ છે, ત્યારે તેના અંગોના દાનથી કોઈકના લાડકવાયાને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

વધુમાં તેઓએ જણાવ્યુ હતું કે આજે દીઝાને તેની સ્કૂલમાં ડાન્સ કોમ્પિટિશન માટે ઇનામ મળવાનું હતુ પરંતુ દીઝા આજે ઇનામ મેળવવાને બદલે ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને ઇનામરૂપી નવું જીવન આપી ગઈ. તેઓએ અપીલ પણ કરી હતી કે જયારે કોઈના પણ પરિવારમાં કોઈ વ્યક્તિ બ્રેનડેડ થાય ત્યારે તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા માટે આગળ આવવું જોઈએ.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પોરબંદરના રહેવાસી ગોકુલેશ મોહનભાઈ ઓડેદરા ઉ. વ. ૮ અને બીજી કિડની અમદાવાદની રહેવાસી રીતીકા કમલેશભાઈ દેસાઈ ઉ.વ. ૬ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર વિસનગરના રહેવાસી શ્રેય પટેલ ઉ.વ. ૫ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં દીઝાના પિતાશ્રી ઉર્વીશ, માતાશ્રી વિશ્વા તથા સ્વ. ધીરજલાલ રણછોડદાસ ગોળવાલાનો સમગ્ર પરિવાર, નાના- નાની રાજુભાઈ અને રેખાબેન સત્તરશાકવાળા, ફૂઆ જયેશભાઈ જગીવાલા, ન્યુરોસર્જન, ડો. કિરીટ શાહ, P.I.C.U ઈન્ટેન્ટસીવીસ્ટ ડો. મિહિર પટેલ, નીઓપ્લસ I.C.U હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નિરવ માંડલેવાલા અને પ્રોગ્રામ ઓફિસર સુભાષ જોધાણી સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૯૧ કિડની, ૭૧ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૯ હૃદય અને ૧૬૮ ચક્ષુઓનો દાન મેળવીને ૪૪૨ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626